# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-02-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ભુજમાં પ્રાકૃતિક ખેતી અંગે વર્કશોપ:

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા ભુજ ખાતે રાષ્ટ્રીય કક્ષાના વર્કશોપ "પ્રાકૃતિક ખેતી: પડકારો અને તકો"નો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવવામાં આવ્યો.

નીતિ આયોગના 'સ્ટેટ સપોર્ટ મિશન' અંતર્ગત અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી, હાલોલના સંયુક્ત ઉપક્રમે ભુજ ખાતે આયોજિત આ બે દિવસીય રાષ્ટ્રીય વર્કશોપમાં ગુજરાત સહિત દેશના ૯થી વધુ રાજ્યોના ૭૦૦થી વધુ ખેડૂતો સહભાગી બન્યા છે. નિષ્ણાંતો દ્વારા પ્રાકૃતિક ખેતીના પાયાની બાબતો, કૃષિ નવીનતા, માર્કેટિંગ અને મૂલ્યવર્ધન અંગે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

આ પ્રસંગે વૈજ્ઞાનિકો અને ખેડૂતોને સંબોધતા રાજ્યપાલે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી સમયની અનિવાર્ય માંગ છે. તેમણે કહ્યું કે, પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન વધે છે અને જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે. રાજ્યમાં ૮ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાયા હોવાની માહિતી આપતાં તેમણે અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો.

આ વર્કશોપ દરમિયાન અંગ્રેજી અને હિન્દી ભાષામાં 'ટ્રેનિંગ મેન્યુઅલ ઓન નેચરલ ફાર્મિંગ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

-----------------------------------------------------------------------------------------------

## ભુજમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી:

આજે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી. આ દિવસ ભારતના મહાન વૈજ્ઞાનિક સી. વી. રમનની યાદમાં ઉજવવામાં આવે છે. આ નિમિત્તે ભુજની પીએમ શ્રી પ્રાથમિક શાળા નં. 1 ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસનું મહત્વ સમજાવવામાં આવ્યું તેમજ વૈજ્ઞાનિક વિચારસરણી, પ્રશ્ન પૂછવાની ટેવ અને પ્રયોગ દ્વારા શીખવાના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

વિદ્યાર્થીઓ દ્વારા સરળ વૈજ્ઞાનિક પ્રયોગો, વિજ્ઞાન આધારિત મોડેલ અને પોસ્ટર પ્રદર્શન રજૂ કરવામાં આવ્યા હતા. હવા, પાણી, પ્રકાશ, ચુંબક અને વીજળી જેવા વિષયો પર કરાયેલા પ્રયોગોએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

---------------------------------------------------------------------------------------------------

## ખારેકની જાતનું રજીસ્ટ્રેશન:

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી સંલગ્ન મુંદરા ખારેક સંશોધન કેન્દ્ર દ્વારા કૃષિ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. મુંદરાના ઝરપરા ગામના પ્રગતિશીલ ખેડૂત મેઘરાજભાઈ બારોટ દ્વારા વિકસાવવામાં આવેલી ખારેકની 'સોના-100' જાતનું દિલ્હી ખાતે સફળતાપૂર્વક રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. આ સાથે જ તે દેશમાં ખારેક પાક માટે રજિસ્ટર્ડ થનારી પ્રથમ પબ્લિક વેરાયટી બની છે.

વૈજ્ઞાનિકોના વર્ષોના પરીક્ષણ બાદ ડિસેમ્બર 2025માં આ પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. આ જાતની મુખ્ય વિશેષતા તેના લાલ રંગના, 25 ગ્રામથી વધુ વજન ધરાવતા અત્યંત મીઠા ફળ છે. પ્રતિ વૃક્ષ 100 થી 125 કિલો ઉત્પાદન આપતી આ જાત વરસાદી વાતાવરણ સામે પણ મજબૂત ટકી રહે છે. તેના ઉત્તમ પલ્પ-ટુ-સ્ટોન રેશિયોને કારણે આ ખારેક ખજૂર બનાવવા અને

વિદેશોમાં નિકાસ માટે ખૂબ જ અનુકૂળ સાબિત થશે, જે ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો કરશે.

---

## 100 ટીબી પીડિત દર્દીઓને કીટ અપાઈ:

પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત રાપર તાલુકામાં શાંતિનિકેતન ફાઉન્ડેશન દ્વારા દાતા પરિવારના સહયોગથી ૧૦૦ ટીબી પીડિત દર્દીઓને પૌષ્ટિક રાશન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવા કાર્યનો હેતુ ટીબી સામે લડી રહેલા દર્દીઓને દવાઓની સાથે યોગ્ય પૌષ્ટિક આહાર ઉપલબ્ધ કરાવવાનો છે. કિટમાં અનાજ, દાળ, તેલ, ખજૂર અને અન્ય પૌષ્ટિક સામગ્રી આપવામાં આવી હતી. સંસ્થાના પ્રતિનિધિઓએ દર્દીઓને નિયમિત દવાઓ લેવાની અને ડૉક્ટરની સલાહ મુજબ સારવાર ચાલુ રાખવા અનુરોધ કર્યો હતો.

---

## રાપરમાં સ્વદેશી મેળો:

ગુજરાત શહેરી આજીવિકા મિશન અંતર્ગત રાપર નગરપાલિકા દ્વારા લોહાણા બોર્ડિંગ કેમ્પસમાં 'સ્વદેશી મેળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. નગરપાલિકા પ્રમુખ ચાંદ ઠક્કર દ્વારા આ મેળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક અને સ્વદેશી ચીજવસ્તુઓના વપરાશ પર ભાર મૂકતા 'વોકલ ફોર લોકલ'ના અભિગમને બિરદાવવામાં આવ્યો હતો.

આ મેળામાં હેન્ડીક્રાફ્ટ, માટીના વાસણો, ઓર્ગેનિક ઉત્પાદનો અને ગૃહ ઉદ્યોગ સહિતના કુલ 32 સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા હતા, જે એક મિની માર્કેટ સમાન જણાતા હતા. નગરજનોએ મોટી સંખ્યામાં મુલાકાત લઈ સ્થાનિક કારીગરો અને નાના ધંધાર્થીઓને

પ્રોત્સાહિત કર્યા હતા. આ પહેલથી સ્થાનિક રોજગારી અને સ્વદેશી ઉત્પાદનોને વૈશ્વિક ઓળખ મળવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------------

## પ્રધ્યુમનસિંહ દ્વારા વિધાનસભામાં પ્રશ્ન:

અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિહ જાડેજાએ આરોગ્ય કેન્દ્ર અંગે પૂછેલા એક લેખિત તારાકિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્યના આરોગ્ય મંત્રીએ જણાવ્યૂ હતું કે કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં લખપત તાલુકામાં 9, અબડાસામાં 14, રાપરમાં 11, ભુજમાં 14, ભચાઉમાં 2 અને નખત્રાણા તાલુકામાં 7 એમ કુલ 57 પેટા આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા માટે દરખાસ્તો મળી હતી. આ દરખાસ્તો પૈકી લખપત તાલુકામાં 1, માંડવી તાલુકામાં 1 અને ભુજ તાલુકામાં 3 એમ કુલ 5 પેટા આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા માટેની દરખાસ્ત મંજુર કરવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------------

## વિધાનસભામાં પ્રશ્ન:

કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કિસાન હિત ઉર્જા શક્તિ યોજના અંતર્ગત 663 ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર ઉભા કરવામાં આવ્યા હોવાનું રાજ્યના ઉર્જા મંત્રીએ રાપરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ ગૃહમાં પૂછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવીને ઉમેર્યું હતું કે આ માટે રૂપિયા 710.23 લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

-----------------------------------------------------------------------------------------